ગાંધીનગર સમાચાર

પ્રચાર માટે મનપામાં ઓછા, પંચાયતમાં વધુ દિવસો


(તસવીર : કશ્યપ નિમાવત)

**શરદ રાત્રી -** શહેરની પાદરે ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે શરદ રાત્રીનું શનિવારની રાત્રે રાસ-ગરબાની રમઝટથી ઉજવણી કરાઈ હતી. છેલ્લા કેટલાય વર્ષોથી શરદ પુનમના ગરબા યોજવાની પરંપરા આ વર્ષે પણ જળવાઈ હતી. શુભેચ્છકો અને ઈન્ફોસીટી રહેણાંક વિભાગના પરિવારો મોટી સંખ્યામાં ગરબામાં જોડાયા હતા. ઈન્ફોસીટીના સુવાસ બારોટ અને અંજુ બારોટ દ્વારા શરદ રાત્રીના ભવ્ય આયોજનથી નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં જાન્યુઆરીમાં કૃષિ વાયબ્રન્ટ મહોત્સવ

ગાંધીનગર, તા.૨૫

રાજયમાં કૃષિ ઉત્પાદન વધારવા અને ખેડૂતો આધુનિક ટેકનોલોજીથી માહીતગાર થાય તે માટે ગાંધીનગર ખાતે આગામી જાન્યુઆરી ૨૦૧૬માં રાજય સરકાર દ્વારા કૃષિ વાયબ્રન્ટ મહોત્સવ યોજવામાં આવનાર છે.

કૃષિ અને સહકાર વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત કૃષિ ક્ષેત્રે હરણફાળ ભરતું અગ્રગણ્ય રાજય છે. છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતમાં કૃષિ ઉત્પાદન વધવા સાથે કૃષિ ક્ષેત્રનો વિકાસ થવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં કૃષિ ક્ષેત્રનો હજુ વધુ વિકાસ થાય રાજયના ખેડૂતો આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ખેતી કરતા થાય અને ઓછા ખર્ચે વધુ કૃષિ ઉત્પાદન મેળવી શકે તે માટે રાજયના ખેડુતોને માહીતગાર કરવા અને આધુનિક ખેતી અંગેનું માર્ગદર્શન મળી રહે તે માટે રાજયના કૃષિ અને સહકાર વિભાગ દ્વારા આગામી જાન્યુઆરી ૨૦૧૬માં કૃષિ વાયબ્રન્ટ સમારોહનું આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની એક બેઠક મળી હતી. જેમાં કૃષિ વિભાગ દ્વારા કૃષિ વાયબ્રન્ટ મહોત્સવના આયોજન અંગેની વિગતો રજુ કરવામાં આવી હતી. જેના પગલે રાજય સરકારે કૃષિ વિભાગને એવી સૂચના આપી હતી કે આ કૃષિ વાયબ્રન્ટ મહોત્સવનું આયોજન એવી રીતે કરવામાં આવે કે જેથી રાજયના અને આ મહોત્સવની મુલાકાત લેનાર ખેડુતોને મહત્તમ લાભ થાય.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કૃષિ વાયબ્રન્ટ મહોત્સવ ઉપરાંત રાજયમાં કૃષિ આધારિત ઉદ્યોગોને પણ વિકાસ સાધી શકાય તે માટે રાજયમાં એગ્રો ઈન્ડસ્ટ્રીઝ નીતી પણ ઘડીને જાહેર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા માટે વિભાગને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# પ્રચાર માટે મનપામાં ઓછા, પંચાયતમાં વધુ દિવસો

**મનપામાં અને પંચાયતના ઉમેદવારોને પ્રચાર માટે દિવસો ઓછા-વત્તા ફળવાતા પક્ષોમાં કચવાટ : વહીવટીતંત્ર, રાજકીય પક્ષો અને પોલીસ માટે અલાયદી આચારસંહિતાનો અમલ શરૂ : ધીમીગતિએ તંત્ર ઈલેક્શન મોડ તરફ**

ગાંધીનગર, તા. ૨૫

મહાનગરપાલિકાઓમાં ઉમેદવારોને પ્રચાર માટે ઓછા દિવસ તો પંચાયતોમાં ઉમેદવારોને પ્રચાર માટે ૧૨ દિવસ જેટલો સમય ફાળવવામાં આવતાં રાજય ચૂંટણી પંચ સામે રાજકીય પક્ષોમાં ગણગણાટ સાથેનો આક્રોશ પ્રવર્તી રહ્યો છે.

મહાનગરપાલિકાઓમાં ઉમેદવારોની આખરી પ્રસિદ્ધિ ૧૦મીએ થયા બાદ ૨૨મીએ મતદાનની તારીખ નિયત કરાઈ છે. મતદાનના ૨૪ કલાક પહેલા જાહેર પ્રચાર અભિયાન સંપન્ન કરી દેવાનું હોઈ પ્રચાર માટેના દિવસોમાં કાપ આવ્યો છે.

દિપાવલી પર્વને ધ્યાને લેતાં પણ પ્રચાર અભિયાન માટે ઉમેદવારને ઓછા દિવસ મળે છે તેનો રોષ ટિકિટવાંચ્છુઓ પક્ષો સમક્ષ વ્યક્ત કરી રહ્યા છે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમ નિયત કરવાથી લઈ અને બધી જ બાબતો વિવાદમાં રહેવા પામી છે.

પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવા અંગેની ઉદાસીનતા એકાએક દૂર કરી ઉતાવળે જ આયોજન કરી દીધુ હોય તેવુ સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યું છે. બીજુ મતદાન માટે રવિવારની જ પસંદગી કરવાની વાતને લઈ પણ લોકોમાં ચર્ચા જાગી છે કે આ

● અનુસંધાન પાન-૭ પર

# માર્ગ-મકાન વિભાગમાં કોન્ટ્રાકટરોના કરોડો અટવાયા

**ગ્રાન્ટના અભાવે બીલના નાણા ચુકવાતા નથી : છેલ્લા ૬ મહીનાથી એજન્સીને પૈસા ન ચુકવાતા દિવાળી ટાણે કોન્ટ્રાકટરોની દયાજનક સ્થિતિ**

ગાંધીનગર તા ૨૫

માર્ગ મકાન વિભાગ દ્વારા વિવિધ કામો અન્વયે કોન્ટ્રાકટરોને બીલ ન ચુકવાતા પ્રબળ રોષ પ્રવર્તયો છે. કોન્ટ્રાકટરોના કરોડો રુપિયાનુ ચુકવણુ બાકી છે. ત્યારે દિવાળીનો તહેવાર પણ નજીકમાં હોવાથી મજુરોને પણ પૈસા આપવાનુ અઘરુ બન્યુ હોવાનો કકળાટ પ્રબળ બન્યો છે. પાટનગર યોજના ભવનમાં છેલ્લા ઘણાં સમયથી વિવિધ ડિવિઝન કક્ષાએથી હાથ ધરાયેલા કામો અન્વયે કોન્ટ્રાકટરોના પૈસા ચુકવાયા નથી. જેના પરિણામે કોન્ટ્રાકટર લોબીમાં મોટી આર્થિક ભીંસ પ્રવર્તી છે. લાંબા સમયથી ગ્રાન્ટ ન ફળવાતા કોન્ટ્રાકટરોના કરોડો રૂપિયા સલવાયા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે બીજીતરફ આવાસોના મજબુતીકરણ સહિતની કામગીરીને પણ વિપિરત અસર થવા પામી છે. બીલોની ચુકવણીના અભાવે કામોમાં પણ ઝડપ આવતી નથી. ટુંકમાં જ બીલોની ચુકવણીનો નિવેડો નહીં આવે તો કોન્ટ્રાકટરો દ્વારા હોબાળો મચાવી ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવે તેવી પણ શકયતા છે.

શહેરમાં માળખાગત સુવિધા તેમજ વિકાસના કામો અન્વયે કોન્ટ્રાકટરોને કાવડીયા ન ચુકવાતા દિવાળી ટાંણે તેમના માટે મોટી આર્થિક મુંઝવણ ઉભી થઈ છે. માર્ગ મકાન વિભાગ દ્વારા છેલ્લા વિવિધ કામો અન્વયે જવાબદાર એજન્સીના બીલો મંજુર કરી નાંણા ચુકવાયા નથી. જેના પરિણામે કોન્ટ્રાકટરો મજુરોને પણ પૈસા ચુકવી શકે તેવી હાલતમાં ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. છેલ્લા ૬ મહીનાથી બીલોની રકમ ન ચુકવાતા કોન્ટ્રાકટરોના કરોડો રૂપિયા સલવાયા છે. દિવાળીનો તહેવાર નજીકમાં હોવાથી વિભાગ દ્વારા ઝડપથી ગ્રાંન્ટ ફાળવી બાકી બીલોની ચુકવણી કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે. પાટનગર યોજના ભવનમાં

● અનુસંધાન પાન-૭ પર




**કેન્ડલ માર્ચ -** ગુજરાત રાજ્યમાં ફિક્સ પગારના પાંચ વર્ષના કોન્ટ્રાક્ટ સાથે નોકરી કરતાં કર્મચારીઓએ સરકારની નાક નીચે જ આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ફિક્સ પગારના વિરોધમાં કેન્ડલ માર્ચ કરી મૌન વિરોધ કર્યો હતો. મોંઘવારીની આગમાં લપેટાયેલા લાચાર કર્મચારીઓને રેલી નિકાળવા માટેની મંજુરી પણ આપવામાં ન આવતા આખરે ફિક્સ પે ના વિરોધ પ્રદર્શન કરતા હોર્ડિંગ્સ-બેનર્સ સાથે મૌન વિરોધ કરી કેન્ડલ માર્ચ કરવામાં આવી હતી. ફિક્સ પગારદાર કર્મચારીઓ પૈકી આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં ૩૦૦થી વધુ કર્મચારીઓ જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગરનું ગૌરવ-અભિનંદન



ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠિત કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોના રાષ્ટ્રપતિ ભવનમાં અદ્દભૂત ગરબાની પ્રસ્તુતિ અને રાજયકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાના અર્વાચીન ગરબામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ શ્રી ભાવિન પટેલ અને ટીમના તમામ કલાકારોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીએ છીએ... ભાવિન પટેલના નેતૃત્વમાં સૌ કલાકારો ઉત્તરોત્તર પ્રગતિ કરી ગાંધીનગર અને ગુજરાતનું ગૌરવ વધારો એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

લિ.
દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ)
(કોર્પોરેટરશ્રી, વોર્ડ નં.૧)

# બી-ટેક આઈ.સી.ટી.માં ઐમન જાવેદ હૈદરને ગોલ્ડ મેડલ

ગાંધીનગર તા ૨૫



ધ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જિનિયર્સ ગુજરાત સ્ટેટ સેન્ટર્સ દ્વારા ગાંધીનગર સ્થિત ડી એ આઈ આઈ સી ટીમાં બી ટેકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની

ઐમન જાવેદ હૈદરને ડીગ્રી પરિક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરવા બદલ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા ૫૬માં વાર્ષિક સત્ર દરમિયાન ઐમાનને મેડલ એનાયત કરી નવાજવામાં આવી હતી. અમદાવાદ સ્થિત ભાઈકાકા ભવનમાં આરોગ્ય મંત્રી નિતિન પટેલ,માર્ગ મકાન વિભાગના સચિવ પી જે પટેલ, તેમજ સચિવ એમ કે જાદવની ઉપસ્થિતિમાં તેજસ્વી ઐમનને ગોલ્ડ મેડલથી નવાજવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન એસ જે દેસાઈ તેમજ સી વી નાદપરાએ પણ હાજરી આપી હતી. બી ટેક આઈ સી ટી ની આખરી ડીગ્રી પરિક્ષામાં ઐમને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. ઐમનને સરોજબેન અશ્વનરાય દોશી એન્ડ પરિવાર ગોલ્ડ પ્લેટેડ મેડલથી નવાજવામાં આવી છે. ઐમનને ડીગ્રી પરિક્ષામાં અવલ્લ સ્થાન પ્રાપ્ત કરી ગાંધીનગર તેમજ સમાજનુ ગૌરવ પણ વધાર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઐમન ગુજરાત પ્રવાસન વિભાગના સચિવ શ્રી એસ.જે. હૈદરની દીકરી છે.



સે- ૨૮ સ્થિત પંજાબ હુન્ડાઈના સર્વિસ સેન્ટર ખાતે તા-૨૪ ઓકટોબરથી ૨ નવેમ્બર દરમિયાન ફ્રી કાર ચેક અપ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કેમ્પને પોલીસ ઈન્સપેકટર પ્રવિણ વાલેરા તેમજ સર્વિસ મેનેજર ભાવના ફર્નાન્ડીઝે કેમ્પનુ ઉદઘાટન કર્યુ હતુ. આ દરમિયાન ગ્રાહકોને કારના વિવિધ પાર્ટસ તેમજ લેબર વર્કમાં પણ વિશેષ ડીસ્કાઉન્ટનો લાભ આપવામાં આવી રહયો છે. ગ્રાહકોને મોટી સંખ્યામાં કેમ્પનો લાભ લેવા પણ જણાવાયુ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

શ્રી રાજપૂત સમાજ
સેક્ટર-૧૨, ગાંધીનગર

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર અને ગાંધીનગર જીલ્લા રાજપૂત સમાજ દ્વારા આયોજીત શરદોત્સવ-૨૦૧૫ના ગરબા રાજપૂત પરિવારજનો માટે આયોજન રાજશ્રી પાર્ટી પ્લોટ, પેથાપુર ખાતે તા. ૨૬/૧૦/૨૦૧૫ને સોમવારે સાંજે ૯-૦૦ કલાકે યોજવામાં આવેલ છે. તો તમામ રાજપૂત પરિવારજનોને જાહેર નિમંત્રણ પાઠવીએ છીએ.

આપનો વિશ્વાસુ
શ્રી વિક્રમસિંહ એસ. ગોલ — પ્રમુખ, શ્રી જીલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર
શ્રી કરણસિંહ બી. વાઘેલા — પ્રમુખ, શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર




ગાંધીનગર માટે
LED T.V., LCD T.V., Colour T.V.
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. ૯૪૨૬૨ ૭૦૪૮૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com